દાખલ તારીખ : ૨૬/૦૨/૨૦૨૦
રજી. તારીખ : ૨૬/૦૨/૨૦૨૦
ફેંસલ તારીખ : ૦૧/૦૫/૨૦૨૬
<u>સમય : વર્ષ–૦૬, માસ–૦૨,દિવસ–૦૬</u>

આંક :– ૭૦

**ફોર્મ–એ**

| |
|---|
| **ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ કોર્ટમાં, મેંદરડા**<br><br>**સમક્ષ :કૃષ્ણ સિંહ રાઠૌર**<br>**ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ**<br><br>**જજમેન્ટ તારીખ: ૦૧/૦૫/૨૦૨૬**<br>**ફોજદારી કેસ નંબર :૬૨/૨૦૨૦**<br>**એફ.આઈ.આર.નં.સેકન્ડ ૫૫/૨૦૧૯**<br>**પોલીસ સ્ટેશન : મેંદરડા.** |

| | | |
|---|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર | |
| ફરિયાદપક્ષેવિ.એ.પી.પી.શ્રી | કે.બી.ટાંક | |
| આરોપી પક્ષ | ૧. | સાગરભાઈ રમેશભાઈ ભોપાળા,<br>રહે. મેંદરડા, સાસણ રોડ રોયલ પાર્ક,<br>તા.મેંદરડા, જિ.જૂનાગઢ |
| આરોપી પક્ષે વિ.વ.શ્રી | જે.પી.જોષી | |

**ફોર્મ–બી**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૪/૧૧/૨૦૧૯ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૧૫/૧૧/૨૦૧૯ |
| ચાર્જશીટની તારીખ | ૨૫/૦૨/૨૦૨૦ |
| તહોમતનામાની તારીખ | ૦૫/૦૪/૨૦૨૨ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૩/૦૧/૨૦૨૩ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૨૭/૦૨/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૧/૦૫/૨૦૨૬ |
| સજા હુમની તારીખ, જો હોય તો | લાગુ પડતું નથી. |

| અ. નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ /સજાકરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમયાન અટકાયત નો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | સાગરભાઈ રમેશભાઈ ભોપાળા, | ૧૯/૧૧/૧૯ | ૧૯/૧૧/૧૯ | આઈ. પી.સી. કલમ–૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા જી.પી. એકટ–૧૩૫ મુજબ. | સજા કરી | – | – |

## ફોર્મ–સી

અ. ફરીયાદ પક્ષ તરફે સાહેદો :

| આંક | વિગત |
|---|---|
| ૧૩ | ફરિયાદી સફીકભાઈ સકુરભાઈ સોલંકીની જુબાની |
| ૧૬ | સાહેદ ડો.ડાયનાબેન વજુભાઈ અજુડીયાની જુબાની |
| ૧૯ | પંચ સરફરાજ રજાકભાઈ કોરડીયાની જુબાની |
| ૨૧ | પંચ રીયાઝ અજીજભાઈ સોલંકીની જુબાની |
| ૨૨ | પંચ અબુધભાઈ અમરાભાઈ મકવાણાની જુબાની |
| ૩૩ | સાહેદ અકરમભાઈ આરીફભાઈ કુરેશીની જુબાની |
| ૩૪ | સાહેદ કિસ્મતભાઈ મનસુખભાઈ મકવાણાની જુબાની |
| ૩૬ | સાહેદ ભાવીક વિનોદભાઈ મકવાણાની જુબાની |
| ૩૭ | સાહેદ લતીફ હનીફભાઈ કુરેશીની જુબાની |
| ૪૨ | સાહેદ વસીમભાઈ સલીમભાઈ ભુલેચાની જુબાની |
| ૫૩ | ત.ક.અ. કાનજીભાઈ બધાભાઈ ચુડાસમાની જુબાની |

| | |
|---|---|
| ૫૮ | પંચ જેન્તીભાઈ ખીમાભાઈ દાફડાની જુબાની |

બ. બચાવ પક્ષના સાક્ષી, જો હોય તો : નથી.

ક. નયાયાલયના સાક્ષી જો હોય તો : નથી.

ફરીયાદી/બચાવપક્ષ/ન્યાયાલયના આંકની યાદી.

## :: દસ્તાવેજી પુરાવા લીસ્ટ ::

અ. ફરીયાદ પક્ષ તરફે રજૂ થયેલ દસ્તાવેજો

| આંક | વિગત |
|---|---|
| ૧૪ | અસલ ફીરયાદ |
| ૧૭ | ફરિયાદીને આપેલ સારવાર અંગેનું સર્ટીફીકેટ |
| ૧૮ | ઓ.પી.ડી. કેસ પેપર |
| ૨૦ | બનાવવાળી જગયાનું પંચનામું |
| ૨૩ | આરોપીનું અટક પંચનામું |
| ૫૪ | તપાસનો હુકમ |
| ૫૯ | મુદામાલ પાવતી આર્ટીકલ નં.૧ ની નકલ |

બ. બચાવ પક્ષ :

ક. નયાયાલય :

ડ. ભૌતિક વસ્તુઓ :

## -: ચુ કા દો :-

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૧૪/૧૧/૨૦૧૯ ના ક.૨૧/૩૦ વાગ્યાના સુમારે મેંદરડા પાદરચોકમાં આવેલ કુદરત પાનના ગલ્લા પાસે આ કામના ફીરયાદી સાથે બોલાચાલી કરી ફરિયાદીને તને કોઈની હવા ઘરી ગઈ છે તુ કેમ તારી સાથે તારા માણસોને લઈને આંટા મારે છે તેમ કહી ભુંડી ગાળો કાઢી ગામ મુકી દેજે તેમ કહી માર મારવાની ધમકી આપી છરી વડે ફીરયાદીને છાતીના તથા ડાબા હાથની કલાઈ ઉપર ચરકા(લીસોટા) કરી અધિક જિલ્લા મેજી.સા.ના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી આ કામના કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ આરોપીએ એકબીજાએ મદદગારી કરી ઈ.પી.કો.કલમ-૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટ-૧૩૫ મુજબનો ગુનો કરેલાનો આરોપી વિરૂધ્ધ આક્ષેપ છે. જે આધારે ગુના લગત મેંદરડા પોલીસ સ્ટેશનમાં એફ.આઈ.આર. નોંધવામાં આવેલ.

(૨) આરોપીને સમન્સ કરતાં તેઓ કોર્ટ સમક્ષ હાજર થયેલા. આરોપીને પોલીસ

પેપર્સની તમામ નકલો ક્રિ.પ્રો.કોડ કલમ–૨૦૭ મુજબ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ અને સદર ગુન્હા સબબ આંક–૦૬ થી આરોપી સામે તહોમતનામુ ફરમાવી આંક–૦૭ આરોપીની પ્લી લેવામાં આવતા આરોપીએ ગુનહાની કબુલાતનો ઈનકાર કરેલ છે અને કેસ આગળ ચલાવવાની માંગણી કરેલ છે, જેથી હાલનો કેસ ફરીયાદપક્ષના પુરાવા ઉપર આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષે ફોર્મ–સી મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

(૪) આ કામે બન્ને પક્ષ તરફેની વિગતવાર દલીલો સાંભળવામાં આવે છે.

(૫) ઉપરોકત હકીકતે સદર કેસનાં નિકાલ માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

–: મુ દા :–

૧ ) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઈ ગઈ તા.૧૪/૧૧/૨૦૧૯ ના ક.૨૧/૩૦ વાગ્યાના સુમારે મેં દરડા પાદરચોકમાં આવેલ કુદરત પાનના ગલ્લા પાસે આ કામના ફીરયાદી સાથે બોલાચાલી કરી ફરિયાદીને તને કોઈની હવા ઘરી ગઈ છે તુ કેમ તારી સાથે તારા માણસોને લઈને આંટા મારે છે તેમ કહી ભુંડી ગાળો કાઢી ગામ મુકી દેજે તેમ કહી માર મારવાની ધમકી આપી છરી વડે ફીરયાદીને છાતીના તથા ડાબા હાથની કલાઈ ઉપર ચરકા(લીસોટા) કરી અધિક જિલ્લા મેજી.સા.ના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી આ કામના કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ આરોપીએ એકબીજાએ મદદગારી કરી ઈ.પી.કો.કલમ–૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટ–૧૩૫ મુજબનો ગુન્હો કરેલ છે ?

૨ ) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદા પરત્વેના મારા નિર્ણય અને તેના કારણો નીચે મુજબ છે.

-:: નિ ર્ણ યો ::-

૧ ) અંશત: હકારમાં

૨ ) આખરી હુકમ મુજબ.

-:: નિર્ણય અંગેના કારણો ::-

મુદા નં.૧ :-

(૭) ફરિયાદપક્ષે ફરિયાદી સફીકભાઈ સકુરભાઈ સોલંકી નાઓએ આંક-૧૩ થી એવો પુરાવો આપેલ છે કે, તેઓ મેંદરડા મુકામે રહે છે અને મેંદરડા પાદર ચોકમાં ફ્રુટની લારી રાખી ધંધો વેપાર કરે છે. હાલનો બનાવ સને : ૨૦૧૯ ની સાલમાં કુદરત પાન પાસે મેંદરડા મુકામે રાતીના નવ થી સાડા નવ વાગ્યાના અરસામાં બનેલો. બનાવ સમયે આંબેડકર ચોકમાં બારમી સરીફની ઝંડી ઉતારતા હતા. તેમના સાથે તેમના મિત્રો વસીમ સલીમભાઈ ધુલેચા, લતીફ હનીફ કુરેશી, ભાવીક મકવાણા, કીસ્મત મકવાણા, લાલુભાઈ રજાકભાઈ કોરડીયા, દિવ્યેશ મુકેશ મકવાણા એ રીતેના તેમની સાથે હતા. અને તે સમયે તેઓ કુદરત પાન માવો લેવા ગયેલા. ત્યારે સાગરભાઈ કુદરત પાને ઉભેલા હતા અને તેમને જણાવેલ કે ''તારા માણસોને શુ ભેગા કરેલ છે.' તો મે જણાવેલ કે '' તેઓ ઝંડી ઉતારે છે''. તેણે મને જણાવેલ કે ''તારા માણસો હાજર હોય તારામાં કાંઈ હવા હોય તો કાઢી નાખજે''. જેથી તેમણે તેઓને જણાવેલ કે હું મારૂ કામ કરૂ છું તમો તમારૂ કામ કરો. જેથી સાગરભાઈ તેમને ગાળો દેવા લાગેલા જેથી તેમણે ગાળો આપવાની ના પાડેલી તો તેણે તેમને ઢીકાપટુનો માર મારવા લાગેલા. જેથી તેમણે તેમના ઉપરોકત મિત્રોને અવાજ કરેલ જેથી તેઓ ત્યાં આવી ગયેલા અને સાગરભાઈને સમજાવવા લાગેલ પરંતુ સાગરભાઈ સમજેલા નહી અને તે પોતાના પડખામાંથી છરી કાઢી ઉલાળતા હતા જે છરી તેમને છાતીમાં ડાબા ભાગે લાગી ગયેલી. જેથી તેમને ઈજા થતા સરકારી હોસ્પીટલ મેંદરડામાં દાખલ કરેલા. દવાખાને તેમને તેનો ભાઈ અકરમ લઈ ગયેલો. અને દવાખાનેથી તેમણે પોલીસને ફરિયાદ આપેલી. તેમને અસલ ફરિયાદ બતાવવામાં આવે છે તેમાં તેમના અંગુઠાનું નિશાન છે જે ઓળખી બતાવું છું જે આ

કામે આંક−૧૪ થી રજુ કરેલ છે. આરોપીને જોચે ઓળખું છે આરોપી આજરોજ કોર્ટમાં હાજર છે તે તે જ છે.

તેમને મુદ્દામાલની છરી બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. આજરોજ તેમને મુદ્દામાલ ની છરી આર્ટીકલ એમ.આર.નં.૭/૨૨નો બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે આ છરી બનાવ સમચે તેમને વાગેલ તે નથી. તેઓ જણાવે છે કે તે છરી ખુલે તેવી હતી.

આરોપી તરફેની ઉલટતપાસમાં ફરિયાદી સ્વીકારે છે કે, એ વાત ખરી છે કે આરોપી આજરોજ કોર્ટમાં હાજર હોય જેથી તે તેમને ઓળખી બતાવેલ છે. એ વાત ખરી છે કે પોલીસે આરોપીની કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી. તેઓને વાંચતા આવળતુ નથી. એ વાત ખરી છે કે હાલનો બનાવ બની ગયા બાદ તેમના મિત્રો આવેલા. એ વાત ખરી છે કે તેમણે દવાખાને ફરિયાદ આપ્યા બાદ પોલીસે તેમનું કોઈ વિશેષ નિવેદન લીધેલ નથી. તેમને બનાવની તારીખ ચોકકસ યાદ નથી પરંતુ સને : ૨૦૧૯ ની સાલમાં બનાવ બનેલો. એ વાત ખરી છે કે પાદર ચોકમાં ઘણી દુકાનો આવેલી છે અને વાહનોની સતત અવર જવર પણ રહેતી હોય છે. એ વાત ખરી છે કે પાદરચોકમાં એક દુકાનમાં સીસીટીવી લગાવેલ છે. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે 'અમોએ તેઓની પાસેથી ફુટેજ માંગેલા પરંતુ તેઓએ આપવાની ના પાડેલી.' એ વાત ખરી છે કે કુદરત પાનની આજુ બાજુ અને સામેના ભાગે દુકાનો આવેલી છે. કુદરત પાન ની દુકાન ટપુભાઈની છે. બનાવ સમચે કુદરત પાનમાં કોણ બેસેલ હતુ તે હાલ તેમને યાદ નથી. એ વાત ખરી છે કે તેઓ કુદરત પાને માવા લેવા જતા હોય છે. એ વાત ખરી છે કે કુદરત પાનની સામે શ્રવણભાઈની દુકાન આવેલી છે અને તેઓની દુકાને સી.સી.ટી.વી. કેમેરા લગાવેલ છે. તેઓ અમીન ટ્રાન્સપોર્ટ વાળાને ઓળખે છે. અને તે તેમના મોટાભાઈ થાય છે. સરફરાજ ઉર્ફે લાલુ કોરડીચાને તેઓ ઓળખે છે તેઓ તેમની જ્ઞાતિના હોય જેથી ઓળખે છે. રીચાજ અજીજભાઈ સોલંકીને મોબાઈલની દુકાન છે અને તેઓની પાસે તેઓ જતા હોય જેથી ઓળખે છે. અકરમભાઈ આરીફભાઈ કુરેશીને ઓળખે છે તેઓને તેમના ઘરની બાજુમાં પાનનો ગલ્લો આવેલ છે. આ કામના આરોપી સાગરભાઈ અગાઉ વ્યાજ વટાઉનો ધંધો કરતા તે સિવાય તેઓ બીજો શુ ધંધો કરે છે તેની તેમને જાણ નથી.

(૮) ફરિયાદપક્ષે સાહેદ ડો.ડાયનાબેન વજુભાઈ અજુડીયા નાઓએ આંક–૧૬ એવો પુરાવો આપેલ છે કે, સને : ૨૦૧૯ની સાલમાં તેઓ મેંદરડા સરકારી દવાખામાં મેડીકલ ઓફસર તરીકે મારી ફરજ બજાવતા હતા દરમ્યાન તા.૧૪/૧૧/૧૯ ના રોજ તેઓ તેમની ફરજ ઉપર હાજર હતા ત્યારે રાત્રીના ૧૧:૫૨ કલાકે તેમની પાસે સફીકભાઈ સકુરભાઈ સોલંકી રહે. મેંદરડા વાળા સારવાર માટે મેંદરડા હોસ્પીટલમાં દાખલ થયેલા. તેઓને પુછતા તેઓએ જણાવેલ કે '' તેઓને સાગર આર. ભોપાળાએ છરી વડે ઈજા કરેલી છે'' જે દર્દી સભાન અવસ્થામાં હતા. તેને તપાસતા નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલી.

**<u>ઈજા નં.૧.</u>** તેને છાતીના ભાગે અને ડાબા હાથમાં કોઈપણ તીક્ષ્ણ હથીયાર વડે ઈજા કરેલ હોય તેના છરકા પડી ગયેલા હતા. તેઓના અભિપ્રાય મુજબ આ ઈજા સખત અને બોથડ પદાર્થથી થયેલ હતી. વધુમાં તેઓ જણાવે છે કે છરી ધારવાળી ન હોય તો આવી ઈજા થઈ શકે.

તેઓને તેમણે પ્રાથમિક સારવાર આપેલી. જે અંગેનુ સર્ટીફીકેટ આપેલુ જે અસલ સર્ટીફીકેટ આજરોજ તેઓ સાથે લાવેલ છે જેમાં તેઓના હસ્તાક્ષરમાં લખાયેલ છે અને તેમની સહી છે જે ઓળખી બતાવી આંક–૧૭ થી રજુ રાખેલ છે. તેમજ સદર દર્દીના ઓપીડી કેસ નં.૬૧ ૦૨૬ નો આજરોજ સાથે લાવેલ છે જે આંક–૧૮ થી રજુ રાખેલ છે. તેમને આજરોજ મુદ્દામાલનુ હથીયાર છરી બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે, દર્દીને થયેલ ઈજા આ હથીયાર વડે થઈ શકે જો ઈજા કરનારે આ હથીયાર વડે નજીકથી ઈજા કરેલ હોય તો આવી ઈજા થઈ શકે નહી.

આરોપી તરફેની ઉલટતપાસમાં સાહેદ સ્વીકારે છે કે, એ વાત ખરી છે કે કહેવાથી ઈજા સામાન્ય પ્રકારની હતી. એ વાત ખરી છે કે તેમના સર્ટીફીકેટમાં ઈજા તાજી છે કે જુની તે અંગેની કોઈ હકિકત જણાવેલી નથી. એ વાત ખરી છે કે કહેવાતી ઈજા દર્દી જાતે પણ કરી શકે.

(૯) ફરીયાદપક્ષે પંચ સરફરાજ રજાકભાઈ કોરડીયાને આંક–૧૯ થી તપાસવામાં આવેલ છે. આ પંચ આંક–૨૦ થી રજુ થયેલ બનાવ વાળી જગ્યાના પંચનામાના પંચ છે. તેઓ પંચનામાની હકીકતને સમર્થન આપતા ન હોય ફરીયાદપક્ષ ધ્વારા તેઓને ફરી ગયેલા જાહેર

કરી અને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવાની પરવાનગી આપતા અત્રેની કોર્ટ ધ્વારા તેઓને પરવાનગી આપવામાં આવે છે પરંતુ પંચનામાની હકીકતને સમર્થન મળે તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આપેલ નથી જેથી આંક–૨૦ વાળુ પંચનામું પુરવાર થતુ નથી તેવું અત્રેની કોર્ટનું માનવુ છે.

(૧૦) ફરીયાદપક્ષે પંચ રીયાઝ અઝીઝભાઈ સોલંકીને આંક–૨૧ થી તપાસવામાં આવેલ છે. તેઓઓ સોગંદ ઉપર એવો પુરાવો આપેલ છે કે, આશરે બે એક વર્ષ પહેલા પોલીસે તેઓને મેંદરડા પો.સ્ટેશને બોલાવી અને બનાવની ફરિયાદ થયેલી હતી તે બનાવના પંચમાં તેમની સહી લીધેલી જે સહી તેમણે પોલીસ સ્ટેશને કરેલી. અને ત્યારબાદ તેઓ પોલીસ સાથે બનાવવાળી જગ્યાએ ગયેલા. બનાવવાળી જગ્યા પાદર ચોક માં આવેલી હતી અને પાદરચોકમાં પોલીસે તેમને બનાવવાળી જગ્યાએ બનાવ અંગે પુછપરછ કરેલી. પોલીસે પાદરચોકમાં તેમની કોઈ સહી લીધેલી નહી. તેઓ પોલીસ સાથે પાદરચોકમાં ગયેલ ત્યારે તેમના અને પોલીસ સાથે બીજુ કોઈ હાજર હતુ નહી. તેમને આંક–૨૦ વાળુ પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ–૨ તરીકે તેમની સહી છે જે ઓળખી બતાવે છે.

આરોપી તરફેની ઉલટતપાસમાં સાહેદ સ્વીકારે છે કે, એ વાત ખરી છે કે તેઓએ જે સહી કરેલી તે પોલીસ સ્ટેશને કરેલી. આ કામના ફરિયાદી સફીકભાઈ તેમના મિત્ર છે અને જ્ઞાતિના છે. તેમને કયા પોલીસે બોલાવેલ તેને તેઓ નામથી ઓળખતા નથી.

(૧૧) ફરીયાદપક્ષે પંચ અબુદભાઈ અમરાભાઈ મકવાણાને આંક–૨૨ થી તથા પંચ જેન્તીભાઈ ખીમાભાઈ દાફડાને આંક–૫૮ થી તપાસવામાં આવેલ છે. આ પંચો આંક–૨૩ થી રજુ થયેલ અટક પંચનામાના પંચો છે. તેઓ પંચનામાની હકીકતને સમર્થન આપતા ન હોય ફરીયાદપક્ષ ધ્વારા તેઓને ફરી ગયેલા જાહેર કરી અને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવાની પરવાનગી આપતા અત્રેની કોર્ટ ધ્વારા તેઓને પરવાનગી આપવામાં આવે છે પરંતુ પંચનામાની હકીકતને સમર્થન મળે તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આપેલ નથી જેથી આંક–૨૩ વાળુ પંચનામું પુરવાર થતુ નથી તેવું અત્રેની કોર્ટનું માનવુ છે.

(૧૨) ફરિયાદપક્ષે સાહેદ અકરમભાઈ આરીફભાઈ કુરેશી નાઓએ આંક–૩૩ થી એવો પુરાવો આપેલ છે કે, હાલનો બનાવ આશરે ચાર પાંચ વર્ષ પહેલા પાદર ચોકમાં આશરે રાત્રીના આઠ નવ વાગ્યાના અરસામાં બનેલો. ત્યારે તેઓ તથા કિસ્મત બન્ને પાદરચોકમાં હતા. તેઓ પાદરચોકમાં ઉભા હતા અને કુદરત પાન પાસે સાગરભાઈ અને સફીકભાઈ વચ્ચે ઝઘડો થતા તેઓ ત્યાં ગયેલા. બનાવ શી બાબતનો હતો તેની તેઓને માહિતી નથી. આ બનાવમાં એક વ્યકિતના હાથમાં છરી હતી કોની પાસે હતી તે તેમને ખબર નથી. બનાવ બન્યા બાદ તેઓ ત્યાં પહોંચેલ. પોલીસે તેમનું નિવેદન લીધેલ.

ફરિયાદપક્ષ તરફે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં તેઓ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી હકીકતો જણાવતા નથી. આ સાહેદ આરોપી તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે, તેઓ અને સફીકભાઈ સકુરભાઈ જાતભાઈઓ છે. એ વાત ખરી છે કે સફીકભાઈનુ ઘર અને તેમની દુકાન સામ સામે આવેલા છે. એ વાત ખરી છે કે પોલીસે તેઓની કોઈ પુછપરછ કરેલી નહી. એ વાત ખરી છે કે બનાવ બની ગયા બાદ કિસ્મતભાઈ ત્યાં પહોંચેલા.

(૧૩) ફરિયાદપક્ષે સાહેદ કિસ્મતભાઈ મનસુખભાઈ મકવાણા નાઓએ આંક–૩૪ થી એવો પુરાવો આપેલ છે કે, હાલનો બનાવ આશરે બે ત્રણ વર્ષ પહેલા પાદર ચોકમાં આશરે રાત્રીના સાડા આઠ નવ વાગ્યાના અરસામાં બનેલો. ત્યારે તેઓ શ્રીજી સોડા શોપ માં પાદર ચોકમાં હતો. તેઓ પાદરચોકમાં ઉભા હતા ત્યારે સાગરભાઈ અને સફીકભાઈ અને વિનીતભાઈ કુદરત પાનની ગલીમાંથી ઝઘડતા ઝઘડતા રોડ પર આવેલા. સફીકભાઈ અને સાગરભાઈ એક બીજાને મારતા હતા. સફીકભાઈને ડાબા હાથમાં વાગેલુ તેમણે જોયેલુ શેનાથી વાગેલ તે તેઓને જાણ નથી. પોલીસે તેમનું નિવેદન લીધેલુ.

ફરિયાદપક્ષ તરફે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં તેઓ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી હકીકતો જણાવતા નથી. આ સાહેદ આરોપી તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, તેઓ અને સાગરભાઈ એક જ સાથે અભ્યાસ કરતા હોય ઓળખે છે. સફીકભાઈને ફ્રુટની લારી છે અને તેઓ ત્યાંથી ફ્રુટ લેતા હોઈએ જેથી તેઓને ઓળખે છે. એ વાત ખરી છે કે બનાવ બન્યા બાદ તેઓ બનાવ સ્થળ પર ગયેલા. એ વાત ખરી છે કે બનાવ સ્થળની આસપાસ ઘણી દુકાનો આવેલી છે. એ વાત ખરી છે કે સદર સ્થળ જાહેર

સ્રતો હોય ત્યાં લોકો અને વાહનોની સતત અવર જવર રહેતી હોય છે. પોલીસે અમારી ગેલેકસી પાનાના ગલ્લે પુછતાછ કરેલી.

(૧૪) ફરિયાદપક્ષે સાહેદ ભાવીક વિનોદભાઈ મકવાણા નાઓએ આંક–૩૬ થી એવો પુરાવો આપેલ છે કે, આશરે ચારેક વર્ષ પહેલા પાદર ચોક કુદરત પાનના ગલા પાસે રાતના સાડા આઠેક વખતની આસપાસ બનેલ ત્યારે તેઓ તેમજ વસીમ તેમજ અકરમ તથા લતીફ તથા એ રીતેના પાનના ગલે પાન માવો ખાવા ઉભા હતા. ત્યાં કુદરત પાનના ગલે સફીક અને સાગરને હાથાપાચ થયેલ અને વીનીતને પણ થયેલ. આ ઝગડો શી બાબતે થયેલ તે તેઓને ખ્યાલ નથી આ ઝગડમાં સફીકને હાથમાં તેમજ શરીરમાં બીજે ઈજાઓ થયેલ. શુ લાગેલ તે ખબર નથી પણ તે સમયે સાગરના હાથામાં છરી હતી જે તેઓએ જોયેલ. આ છરી આશરે દશેક ઈંચની હતી. ત્યાર બાદ તેઓ સફીકને લઈને હોસ્પીટલે ગયેલ બનાવ બાબતે પોલીસે તેમનું નીવેદન લીધેલ.

આ સાહેદ આરોપી તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, તેઓ અને સફીકભાઈ મિત્રો હોઈ એક બીજાને ઓળખે છે. એ વાત ખરી છે કે કહેવાતા બનાવ સમયે તેઓ પાદર ચોકમાં આંબેડકરના પુતળા પાસે હતા. એ વાત ખરી છે કે પાદરચોકમાં ઘણી બધી દુકાનો આવેલી છે અને ત્યાં લોકોની અને વાહનોની સતત અવર જવર રહેતી હોય છે. સાગરભાઈ અને તેઓ સાથે અભ્યાસ કરતા. એ વાત ખરી છે કે પોલીસે તેમની બનાવ બાબતે કોઈ પુછપરછ કરેલી નહી.

(૧૫) ફરિયાદપક્ષે સાહેદ લતીફ હનીફભાઈ કુરેશી નાઓએ આંક–૩૭ થી એવો પુરાવો આપેલ છે કે, બનાવ આશરે ચારેક વર્ષ પહેલા પાદર ચોક કુદરત પાનના ગલા પાસે રાતના સાડા નવેક વખતની આસપાસ બનેલ તેઓ બનાવ સમયે કામ પરથી પાદર ચોકમાં આવેલ તે સમયે સફીકે તેમને જણાવેલ કે, મને દવાખાને મુકી જા. તેના હાથમા લાગેલ હતુ અને લોહી નીકળેલ. તેને કોઈ સાથે માથાકુટ થયેલ તેને કોની સાથે માથાકુટ થયેલ તેની તેમને ખબર નથી. તેઓ તેની સાથે સરકારી દવાખાને ગયેલ. પોલીસે તેમની કોઈ પુછપરછ કરેલ નથી.

આ સાહેદ આરોપી તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કહેવાતો બનાવ બની ગયા બાદ તેઓ પાદર ચોકમાં આવેલ. એ વાત ખરી છે કે પાદર ચોકમાં ઘણા બધા માણસો આવતા હોય છે. એ વાત ખરી છે કે સફીકે તેમને એવુ કહેલ કે, મને સરકારી દવાખાને લઈ જા તેને કોણે મારેલ તે તેમને ખબર નથી. એ વાત ખરી છે કે બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

(૧૬) ફરિયાદપક્ષે સાહેદ વસીમભાઈ સલીમભાઈ ભુલેચા નાઓએ આંક–૪૨ થી એવો પુરાવો આપેલ છે કે, તેઓ મેંદરડા મુકામે મેઈન બજારમાં રહે છે અને તેઓ પાદર ચોકમાં આવેલ ફાસ્ટ ફુડની દુકાનમાં મજુરી કામ કરે છે. હાલનો બનાવ આજથી આશરે પાંચ છ વર્ષ પહેલા રાત્રીના દસ થી બારના અરસામાં પાદર ચોકમાં બનેલો. સદર બનાવમાં સફીક અને સાગરભાઈને માથાકુટ થયેલી. માથાકુટ શી બાબતે બનેલી તેની તેઓને કોઈ જાણ નથી. આ બનાવમા સફીકને પડખાના ભાગે, હાથમાં તથા માથાના ભાગે ઈજાઓ થયેલી શેના વડે ઈજા થયેલી તેની તેમને માહિતી નથી. તેઓને સરકારી દવાખાને સારવારમાં લઈ ગયેલા. બનાવ બનવાનું કારણ તેઓને ખબર નથી. પોલીસે તેમની પુછપરછ કરેલી.

ફરિયાદપક્ષ તરફે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં તેઓ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી હકીકતો જણાવતા નથી. આ સાહેદ આરોપી તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે તેઓ અને શફીકભાઈ એક શેરીમાં જ રહે છે. એ વાત ખરી છે કે તેઓએ પોલીસને મા–બેન સામી ભુંડી ગાળો આપતા તેવુ લખાવેલુ. એ વાત ખરી છે કે બનાવ પહેલાથી જ તેઓ આરોપીને ઓળખે છે. એ વાત ખરી છે કે આંબેડકર ચોકમાં સી.સી.ટી.વી. કેમરા લગાવેલ છે. એ વાત ખરી છે કે બનાવ સ્થળ જાહેર રસ્તો છે અને ત્યાં લોકો અને વાહનોની સતત અવર જવર રહેતી હોય છે. એ વાત ખરી છે કે કહેવાતા બનાવ સ્થળ આજુબાજુ ઘણી દુકાનો આવેલી છે. બનાવ સ્થળ આસપાસ શ્રવણભાઈની દુકાન, ક્રિષ્ના ટેલીકોમ, રાધેપાન, વિગેરે દુકાનો આવેલી છે. કુદરતપાન પર બનાવ સમયે કોણ બેસેલ હતા તેનું તેઓને નામ ખ્યાલ નથી. એ વાત ખરી છે કે તેમને કુદરત પાને અત્યાર સુધીમાં જવાનું થયેલ નથી. એ વાત ખરી છે કે તેઓ અને ફરિયાદી એક જ જ્ઞાતિના છીએ.

(૧૭) ફરિયાદપક્ષે સાહેદ ત.ક.અ. કાનજીભાઈ બધાભાઈ ચુડાસમા નાઓએ આંક–૫૩ થી એવો પુરાવો આપેલ છે કે, ગત તા. ૧૫/૧૧/૧૯ ના રોજ તેઓ મેંદરડા પો સ્ટે માં હેડ કોન્સ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન પી એસ ઓ શ્રી જે.કે. બારોટ તરફથી મેંદરડા પો સ્ટે ગુ ર નં. સેકન્ડ ૫૫/૧૯ આઈ પી સી કલમ ૩૨૩,૫૦૪,૧૧૪ જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબનો ગુનો તા. ૧૫/૧૧/૧૯ ના કલાક ૧.૧૫ વાગે રજીસ્ટર કરી આગળની તપાસ તેમના તરફ મોકલી આપેલ જે તપાસનો હુકમ કામે આંક–૫૪ થી રજુ રાખેલ છે. બાદ આ કામે બનાવની જગ્યાનું પંચનામુ કરવામાં આવેલ. તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લેવામા આવેલ. બાદ આ કામે આરોપી સાગર ભોપાભાઈ આહીર, રે. મેંદરડાનાઓને તા. ૧૯/૧૧/૧૯ ના ક. ૧૦.૧૫ વાગ્યે અટક કરવામાં આવેલ. અને આરોપી પાસેથી બનાવ વખતે વાપરેલ હથીયાર છરી કબ્જે કરી જે અંગે મુદામાલ પાવતી નં. ૫૦/૧૯ થી સામેલ રાખવામાં આવેલ. બાદ આ કામે ફરીયાદી/ઈજાપામનાર અકરમ આરીફભાઈ કુરેશીનુ સારવાર સર્ટી મેંદરડા સરકારી દવાખાનેથી મેળવી તપાસના કામે સામેલ રાખેલ. જે બાદ હથીયારબંધી જાહેરનામાની નકલ મેળવી સામેલ રાખેલ. બાદ આ કામે જુવેનાઈલ વિનીત અરુણભાઈનાઓનો અલગથી ચાર્જશીટ કરવામાં આવેલ છે અને આ કામના આરોપી સાગર ભોપાભાઈનાઓ વિરુધ્ધ નામ. કોર્ટમાં ચાર્જશીટ કરવા પુરતો પુરાવો હોઈ જેથી ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. તેઓ આરોપીને જોચે ઓળખે છે જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી.

આ સાહેદ આરોપી તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, તપાસનો હુકમ મળેલ તે તપાસના હુકમમાં અમોએ સહી કરેલ છે. સાહેદ જણાવે છે કે તપાસના હુકમમા તપાસ કરનાર અધિકારીની સહી હોતી નથી પી.એસ.ઓ.શ્રીની સહી હોચ છે. તેઓને તપાસ મળેલ ત્યારે પી એસ ઓ તરીકે જે.કે. બારોટ હતા. ફરીયાદીનું સારવાર સર્ટી કઈ તારીખે મેળવેલ તે તારીખ હાલ તેઓને યાદ નથી. એ વાત હાલ તેઓને યાદ નથી કે તેઓએ જાહેરનામાની ખરી નકલ કે અસલ આ કામે ચાર્જશીટ સાથે સામેલ રાખેલ નથી. સાહેદ જણાવે છે કે કાગળો જોઈને કહી શકે. સાક્ષીઓના નિવેદનો કઈ તારીખે લીધેલ તે તેઓને હાલ યાદ નથી. સાહેદ જણાવે છે કે કાગળો જોઈને કહી શકુ. તેઓને હાલ એફઆઈઆરની નકલ તથા ચાર્જશીટની

નકલની ફોટોકોપી મોકલવામાં આવેલ. આ સિવાય અન્ય કોઈ કાગળોના ફોટો તેઓને મોકલવામાં આવેલ નથી. બનાવના બે દિવસ પછી તેઓએ સાક્ષીઓના નિવેદનો લીધેલ એ હાલ તેઓને યાદ નથી. સાહેદ જણાવે છે કે કાગળો જોઈને કહી શકુ. સાક્ષીઓના નિવેદનો તેમના ઘરે લીધેલ. એ તેઓ કહી શકે નહી કે સાક્ષીઓ તેમના નિવેદનો વાંચેલા છે કે કેમ. એ વાત ખરી છે કે તેઓએ ફરીયાદીનુ વિશેષ નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે કહેવાતો બનાવ પાદરચોકમાં ડો. આંબેડકરના પુતળા પાસે બનેલ. એ વાત ખરી છે કે કહેવાતો મુદામાલ બનાવવાળી જગ્યાએથી તેઓએ કબ્જે લીધેલ નથી. એ વાત ખરી છે કે સાક્ષીઓના જવાબમાં આરોપીએ કેવી ગાળ આપેલ, શું ગાળ આપેલ તે સાક્ષીઓએ તેઓને જણાવેલ નથી. એ વાત ખરી છે કે જાહેરનામુ પ્રસિધ્ધ કરનારનું નિવેદન લેવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે તેઓ દવારા આરોપીની ઓળખ પરેડ કરાવવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે પાદરચોકમાં ઘણી દુકાનો આવેલ છે અને ત્યાં વાહનોની સતત અવર જવર રહે છે. એ વાતની તેમને ખબર નથી કે પાદરચોકમાં સી.સી.ટી.વી. કેમેરા પણ લગાવવમાં આવેલ છે કે કેમ. પાદરચોકમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવમાં આવેલ છે કે કેમ તેની તેઓએ કોઈ તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે પાદરચોકમાં આવેલ દુકાનો વાળા માણસોના જવાબો લીધેલ નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકન :–</u>**

(૧૮) આ કામે ફરિયાદીપક્ષ ધ્વારા કુલ ૧૨ સાક્ષીઓને તપાસવામાં આવેલ છે. આ કામે આરોપી વિરુધ્ધ મેંદરડા પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નંબર સેકન્ડ ૫૫/૨૦૧૯, આઈ.પી.સી.કલમ–૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટ–૧૩૫ મુજબની ફરિયાદ નોંધવામાં આવેલ છે. જે ફરિયાદ નોંધાતા આરોપી વિરુધ્ધ ચાર્જશીટ રજુ થતાં અત્રેની કોર્ટના અગાઉના ન્યાયાધીશશ્રી ધ્વારા સી.આર.પી.સી. કલમ–૨૦૪ અન્વયે સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ અને ઉપરોકત કલમ હેઠળ આરોપી સામે તહોમતનામું ફરમાવવામાં આવેલ.

(૧૮.૧) બનાવનું કારણ ફરિયાદી ધ્વારા તેની ફરિયાદમાં એવું બતાવેલ છે કે, તેઓ રાત્રીના ૦૯:૩૦ વાગ્યના અરશામા તેમના મીત્રો વસીમ સલીમભાઈ ઘુલેચા, લતીફ હનીફ કુરેશી, ભાવીક મકવાણા, કીસ્મત મકવાણા, લાલુભાઈ રજાકભાઈ કોરડીયા, દિવ્યેશ મુકેશ

મકવાણા તેમની સાથે મેંદરડા પાદર ચોકમાં ઈલેમીલાદનો જંડો ઉતારવા ભેગા થયેલ તે વખતે મેંદરડા પાદર ચોકમાં કુદરત પાનના ગલ્લા પાસે ફરિયાદી માવો ખાવા ગયેલ હતા. ત્યારે કુદરત પાનના ગલ્લા પાસે આ કામના આરોપી સાગરભાઈ અને વિનિતભાઈ બન્ને તેમની પાસે બોલાવેલા અને ફરિયાદીને કહેલ કે, કેમ તુ તારી સાથે માણસોને લઈને આંટા મારે છે. તેમ કહી ફરિયાદીને ભુંડી ગાળો કાઢી, ગામ મુકી દેજે નહીતર માર મારવાની ધમકી આપેલ અને ફરિયાદીને આરોપી સાગરભાઈએ ઢીકાપાટુનો માર મારેલો અને ફરિયાદી નીચે પડી જતાં આરોપીએ તેની પાસે હાથમાં રાખેલ એક છરી ફરિયાદીના છાતીના ભાગે તથા ડાબા હાથની કલાઈ ઉપર છરી વડે માર મારેલ અને ફરિયાદીને કલાઈ ઉપર ચરકા(લીસોટા) થઈ ગયેલા. ત્યારબાદ ફરિયાદીએ મેંદરડા સરકારી દવાખાને સારવાર લીધેલ. હવે ફરિયાદપક્ષ ધ્વારા તપાસેલ તમામ સાક્ષીઓ પૈકી સૌપ્રથમ ફરિયાદીની જુબાનીનું મુલ્યાંકન કરવામાં આવે તો, ફરિયાદીએ પોતે ફરિયાદ હકીકતને સમર્થન કરેલ છે અને એવું જણાવેલ છે કે, તેઓ કુદરત પાનના ગલ્લે માવો લેવા ગયેલા ત્યારે સાગરભાઈ કુદરત પાનના ગલ્લે ઉભેલા હતા અને તેમને આરોપીએ જણાવેલ કે, કેમ તુ તારી સાથે માણસોને લઈને આંટા મારે છે તો ફરિયાદીએ જણાવેલ કે, તેઓ ઈદે મીલાદની ઝંડીઓ ઉતારે છે. ત્યારે જ વધુમાં આરોપીએ તેઓને જણાવેલ કે, તારા માણસો હાજર હોય તારામાં કાંઈ હવા હોય તો કાઢી નાખજે અને આરોપી સાગરે તેમને ગાળો કાઢવા લાગેલ જેથી તેમણે ગાળો આપવાની ના પાડતા આરોપી તેમને ઢીકાપાટુનો માર મારવા લાગેલા અને તે નીચે પડી જતાં તેમને છરી વડે છાતીના ભાગે તથા ડાબા હાથની કલાઈ ઉપર ઈજા કરેલ. ફરિયાદીએ આંક–૧૪ થી પોતાની ફરિયાદીને ઓળખી બતાવેલ છે. સાથે–સાથે આરોપીને પણ નામદાર કોર્ટમાં ઓળખી બતાવેલ છે. પરંતુ નામદાર કોર્ટમાં ફરિયાદીને એમ.આર. નં.૦૭/૨૦૨૨ મા મુદ્દામાલ છરી આર્ટીકલ બતાવવામાં આવે તો ફરિયાદી આર્ટીકલ ઓળખી બતાવી શકેલ નહિ. આરોપીપક્ષનો એવો બચાવ છે કે, ફરિયાદીએ મુદામાલ આર્ટીકલ આળખી બતાવી શકેલ નહિ જેથી આરોપીએ આજ મુદામાલ હથિયાર વડે ફરિયાદીને ઈજા કરેલી એ હકીકત પુરવાર થતી નથી. ઈજા અને હથિયાર બન્ને ગુનાની સાંકળ છે એની સાંકળ પણ જુડતી નથી. હવે સૌપ્રથમ ફરિયાદીને આરોપીએ હથિયાર વડે માર મારેલ કે કેમ તે જોવું જરુરી જણાઈ આવે છે. ફરિયાદી પોતાની સરતપાસમાં આરોપીએ તેમને ઢીકાપાટુનો માર મારેલ હોય અને છરી

વડે છાતીના ભાગે તથા ડાબા હાથની કલાઈ ઉપર ઈજા કરેલાની હકીકત જણાવે છે. આરોપી ધ્વારા ઉલટતપાસમાં એ હકીકતને ખંડન કે વિરોધાભાષ કર્યાનું કોઈ કથન ઉલટતપાસમાં લાવી શકેલ નથી. હવે આ કામના ફરિયાદીએ જયાં સારવાર લીધેલ તે ડોકટરની જુબાની જોવી જરુરી જણાઈ આવે છે. આ કામે આંક–૧૬ થી ડો.ડાયનાબેન વજુભાઈ અજુડીયાને તપાસવામાં આવેલા છે અને આંક–૧૭ થી ડોકટર ધ્વારા મેડીકલ સર્ટીફીકેટ તથા આંક–૧૮ થી ઓ.પી.ડી. કેસ પેપર્સ રજુ કરેલ છે. હવે ડો.ડાયનાબેન વજુભાઈ અજુડીયાની સરતપાસ જોવામાં આવે તો બનાવની તારીખ ૧૪/૧૧/૨૦૧૯ ના રોજ ફરિયાદીને મેંદરડા સરકારી દવાખાનામાં સારવાર માટે લાવેલા. ફરિયાદી ધ્વારા ડોકટરશ્રીને બનાવની હીસ્ટ્રી અને આરોપી સાગરભાઈ ભોપાળાએ છરી વડે ઈજા કરેલ હોવાનું જણાવેલ. ડોકટરશ્રી ધ્વારા જે આંક–૧૭ ના મેડીકલ સર્ટીફીકેટમાં ઈજાનો ઉલ્લેખ કરેલ છે તે પૈકી ઈજા નં.૧ છાતીના ભાગે અને ડાબા હાથમાં તીક્ષણ હથિયાર વડે ઈજા કરેલ હોય અને તેના છરકા પડી ગયેલ હોય તેવી ઈજા જણાવેલી. વધુમાં ડોકટરશ્રીએ પોતાના અભિપ્રાય મુજબ જણાવે છે કે, ઈજા સખત અને બોથડ પદાર્થ થી થયેલ હતી અને સ્વેચ્છાએ જણાવે છે કે, જો છરી ધારવાળી ન હોય તો આવી ઈજા થઈ શકે. ત્યારબાદ સરતપાસ દરમિયાન ડોકટરશ્રીને મુદામાલ છરી બતાવવામાંઆવે છે તો તેઓ હથિયાર જોઈને કહે છે કે, આ હથિયાર વડે દર્દીને ઈજા થઈ શકે. ઉલટતપાસમાં ડોકટરશ્રીએ કબુલ રાખેલ છે કે, ઈજા સામાન્ય પ્રકારની હતી. આમ, ડોકટરશ્રીની જુબાની જોવામાં આવે તો તેમની જુબાનીથી ફરિયાદી ધ્વારા જણાવેલ ફરિયાદની હકીકત તથા ફરિયાદીએ તેમની જુબાનીમાં જણાવેલ ઈજાઓને ડોકટરશ્રીની થી જુબાનીમાં સમર્થન મળે છે. વધુમાં ડોકટરશ્રી ધ્વારા મુદામાલ ઉપરથી અભિપ્રાય પણ આપેલ છે કે, આવી ઈજાઓ ઉત્પન્ન થઈ શકે. વધુમાં બનાવની તારીખ–૧૪/૧૧/૨૦૧૯ ના રોજ બનેલ હતો અન તેજ દિવસે ફરિયાદીએ મેંદરડાના સરકારી દવાખાનામાં સારવાર લીધેલ હતી. હવે આંક–૧૭ વાળુ મેડીકલ સર્ટીફીકેટ જોવામાં આવે તો ફરિયાદીને આરોપી સાગરભાઈ ભોપાળાએ છરી વડે ઈજાઓ કરેલાની હકીકત બનાવની હીસ્ટ્રીમાં જણાવેલ છે. આમ, ફરિયાદીના કહેવા મુજબ ફરિયાદીની ફરિયાદમાં છાતીના ભાગે તથા ડાબા હાથમાં ઈજા થયેલી તે હકીકતને ડોકટરશ્રીની જુબાનીથી તથા આંક–૧૭ ના મેડીકલ સર્ટીફીકેટ થી સમર્થન

મળે છે અને આંક–૧૭ નું મેડીકલ સર્ટીફીકેટ ડોકટરશ્રીની જુબાનીમાં પુરવાર થયેલ છે.

(૧૮.૨) આરોપીપક્ષ ધ્વારા ફરિયાદી મુદામાલ નહીં ઓળખી બતાવેલ તે અંગેની દલીલના સંદર્ભમાં અતેની કોર્ટ અગાઉ ચર્ચા કરતા પહેલા નામદાર સુપ્રીમ કોર્ટના ક્રિમીનલ અપીલ નં .૩૧૦૫/૨૦૨૫ Ghanshyam Mandal vs The State Of Bihar (Now Jharkhand) on 25 February, 2026 રીફર કરેલ.

7. It was urged on behalf of the appellants that in the absence of recovery of any weapons of assault, the prosecution had failed to establish the guilt of the appellants. It is true that the Investigating Officer failed to bring on record any material indicating recovery of the weapons of assault that were described by the eye-witnesses. However, this aspect cannot enable the appellants to seek any benefit in the light of the fact that the version of the eye-witnesses as regards the assault has been found to be reliable. It may be observed that recovery of the weapons of assault is not the sine qua non for convicting an accused as the entire evidence on record is required to be taken into consideration. In this regard, we may refer to the decision in Rakesh and anr. Vs. State of U.P. and anr.8. In paragraph 11, it has been observed as under:

“11. Now so far as the submission on behalf of the accused that as per the ballistic report the bullet found does not match with the fire arm/gun recovered and therefore the use of gun as alleged is doubtful and therefore benefit of doubt must be given to the accused is concerned, the aforesaid cannot be accepted. At the most, it can be said that the gun recovered by the police from the accused may not have been used for killing and therefore the 2021 INSC 321
recovery of the actual weapon used for killing can be ignored and it is to be treated as if there is no recovery at all. For convicting an accused recovery of the weapon used in commission of offence is not a sine qua non. PW1 & PW2, as observed hereinabove, are reliable and trustworthy eyewitnesses to the

incident and they have specifically stated that A1-Rakesh fired from the gun and the deceased sustained injury. The injury by the gun has been established and proved

from the medical evidence and the deposition of Dr. Santosh Kumar, PW5. Injury no.1 is by gun shot. Therefore, it is not possible to reject the credible ocular evidence of PW1 & PW2 – eye witnesses who witnessed the shooting. It has no bearing on credibility of deposition of PW1 & PW2 that A1 shot deceased with a gun, particularly as it is corroborated by bullet in the body and also stands corroborated by the testimony of PW2 & PW5. Therefore, merely because the ballistic report shows that the bullet recovered does not match with the gun recovered, it is not possible to reject the credible and reliable deposition of PW1 & PW2.”

નામદાર સુપ્રિમ કોર્ટ ઓમપાલ એન્ડ યુ.પી.રાજ્ય, ક્રિમીનલ અપીલ નં.૧૬૨૪/૨૦૧૧ ના ચુકાદામાં એવુ ઠરાવેલ છે કે,

“49. Another contention raised by the appellants was that the weapons used during the incident were never recovered from the site. However, this Court has many a times reiterated that non- recovery of the weapons cannot be considered fatal to the case of the prosecution if there is consistent medical and ocular evidence. This Court in the case State of Rajasthan vs. Arjun Singh & Ors.16 held as under:“18. As rightly pointed out by the learned Additional Advocate General appearing for the State that mere nonrecovery of pistol or cartridge does not detract the case of the prosecution where clinching and direct evidence is acceptable. Likewise, absence of evidence regarding recovery of used pellets, bloodstained clothes, etc. cannot be taken or construed as no such occurrence had taken place. As a matter of fact, we have already pointed out that the gunshot injuries tallied with medical evidence. It is also seen that Raghuraj Singh and Himmat Raj Singh, who had died, received 8 and 7 gunshot wounds respectively while Raj Singh (PW 2) also received 8 gunshots scattered in front of left thigh. All there injuries have been noted by the doctor (PW 1) in this reports, Exts. P-1 to P-4"
(Emphasis supplied) 16 (2011) 9 SCC 115

50. Also in Nankaunoo vs. State of Uttar Pradesh17, this Court held that where in light of unimpeachable oral evidence is corroborated by the medical evidence, non-recovery of murder weapon does not materially affect the case of the prosecution. Any omission on the part of the investigating officer cannot go against

the prosecution's case. Story of the prosecution is to be examined dehors such omission by the investigating agency. Otherwise, it would shake the confidence of the people not merely in the law enforcing agency but also in the administration of justice."

આમ, આરોપીની મુદ્દામાલ છરી ફરિયાદીએ ઓળખી બતાવેલ નથી, અને તેનો લાભ આરોપીને મળવો જોઈએ, તે દલીલ ઉપરોકત ચુકાદાને ધ્યાને લીધા બાદ ટકવાપાત્ર નથી.

(૧૮.૩) આમ, ઉપરોકત રજુ રાખેલ ચુકાદાઓ ધ્યાને લેતાં જો ફરિયાદપક્ષ કે ફરિયાદી ના કેસમાં મુદામાલ રીકવર ન થાય કે ફરિયાદી મુદામાલ ઓળખી ન બતાવેલ હોય તેવી પરિસ્થિતીમાં અન્ય નજરે જોનાર સાક્ષીઓ કે ડોકટરશ્રીની જુબાનીમાં જો ફરિયાદીના કેસને સમર્થન મળતુ હોય તો, જો તપાસ કરનાર અધીકારી ધ્વારા ગુનામા મુદામાલ હથિયાર કબજે કરવામાં આવેલ ન હોય તો એવી પરિસ્થિતીમાં તેનો લાભ આરોપીને મળી શકે નહીં. આ કેસમાં ફરિયાદીએ પોતાની જુબાનીમાં આરોપી ધ્વારા છરી વડે માર મારવાની જે હકીકત જણાવે છે તથા અન્ય નજરે જોનાર સાક્ષીઓ જેમ કે, આંક-૩૩ થી અકરમભાઈ આરીફભાઈ કુરેશી જે પોતાની જુબાનીમાં ફરિયાદી અને આરોપી વચ્ચે ઝગડો થયેલ હોવાની તથા બનાવમાં એક વ્યકિતના હાથમાં છરી હોવાની હકીકતને સમર્થન આપે છે. તેજ રીતે આંક-૩૪ થી સાહેદ **કિસ્મતભાઈ મનસુખભાઈ મકવાણા નાઓએ પણ તેમની જુબાનીમાં આરોપીના હાથમાં છરી હોવાની હકીકતને સમર્થન આપે છે.** ત્યારબાદ આંક-૩૬ થી ભાવીક વિનોદભાઈ મકવાણાની જુબાનીમાં પણ સાગરભાઈ ના હાથમાં છરી હોવાની હકીકને સમર્થન આપેલ છે.

(૧૮.૪) આમ, ફરિયાદીની જુબાની તથા ડોકટરશ્રીની જુબાનીને સંયુકત વંચાણે લેતાં ફરિયાદીને છાતીના ભાગે અને ડાબા હાથમા છરી થી ઈજા થયેલ છે એ હકીકત પુરવાર થાય છે. હવે આ કામના આરોપીએ જ ફરિયાદીને બનાવના સ્થળે માર મારેલ કે કેમ તે જોવુ જરુરી જણાતુ હોય ફરિયાદી પોતાની જુબાનીમાં એવુ જણાવે છે કે, તેઓ આંબેડકર ચોકમાં ઈદે મીલાદની ઝંડી ઉતારતા અને તેમની સાથે તેમના મીત્રો વસીમ સલીમભાઈ ધુલેચા, લતીફ હનીફ કુરેશી, ભાવીક મકવાણા, કીસ્મત મકવાણા, લાલુભાઈ રજાકભાઈ કોરડીયા, દિવ્યેશ મુકેશ મકવાણા તેમની સાથે હતા. આ કામે તપાસ કરનાર

અમલદારે વસીમ સલીમભાઈ ધુલેચા, લતીફ હનીફ કુરેશી, ભાવીક મકવાણા, કીસ્મત મકવાણા, લાલુભાઈ રજાકભાઈ કોરડીયા, દિવ્યેશ મુકેશ મકવાણા નાઓના નિવેદન લઈ તેઓને ચાર્જશીટમાં સાક્ષી તરીકે દર્શાવેલા. સૌપ્રથમ આ કામે આંક–૩૩ થી સાહેદ અકરમભાઈ આરીફભાઈ કુરેશી નાઓની જુબાની જોઈએ તો તેઓ પાદર ચોકમાં આશરે રાત્રીના નવ વાગ્યાના અરસામાં બનાવ બનેલાની હકીકતને સમર્થન આપે છે અને કુદરત પાન પાસે સાગરભાઈ અને સફીકભાઈ વચ્ચે ઝઘડો થતા તેઓ ત્યાં ગયેલા. આ સિવાય બનાવ શી બાબતનો હતો તેની તેઓને માહિતી નથી એવી હકીકત જણાવેલ. એક વ્યકિત પાસે છરી હતી તે છરી કોની પાસે હતી તે તેઓને ખબર નથી એ હકીકત પણ સાહેદે જણાવેલ છે. હવે સાહેદની જુબાનીનું મુલ્યાંકન કરતા જોઈએ તો આ કામે સાગરભાઈ અને સફીકભાઈ વચ્ચે ઝગડો થયેલો તે જુબાની પરથી ફલીત થાય છે. સાહેદે તેઓને ઝગડો કરતા જોયેલાની હકીકત તેમની જુબાનીથી સમર્થન મળેલ છે.

(૧૮.૫) ત્યારબાદ આંક–૩૪ થી કિસ્મતભાઈ મનસુખભાઈ મકવાણા નાઓએ તપાસવામાં આવેલ છે. તેઓ શ્રીજી સોડા શોપ માં પાદર ચોકમાં હાજર હતા અને ત્યારે સાગરભાઈ અને સફીકભાઈ અને વિનીતભાઈ કુદરત પાનની ગલીમાંથી ઝઘડતા ઝઘડતા રોડ પર આવેલા તેવી હકીકત જણાવેલ. આ સાહેદની જુબાની જોતાં પણ આ કામના ફરિયાદી અને આરોપી વચ્ચે ઝગડો થયેલ હોવાની હકીકતને સમર્થન મળેલ તથા ફરિયાદી સફીકભાઈને ડાબા હાથમાં વાગેલુ તેમણે જોયેલુ, શેનાથી વાગેલ તે તેઓને જાણ નથી. પરંતુ ફરિયાદીને હાથમાં વાગેલાની હકીકતને આ સાહેદની જુબાની ઉપરથી સમર્થન મળે છે. સાહેદે ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, તેઓ બનાવ સ્થળે બનાવ બન્યા બાદ ગયેલા. આમ, આ સાહેદની જુબાની જોવામાં આવે તો ફરિયાદી અને આરોપી વચ્ચે ઝગડો થયેલાની અને ફરિયાદીને ડાબા હાથના ભાગે ઈજા થયેલ અંગેની હકીકતને સમર્થન મળે છે.

(૧૮.૬) ત્યારબાદ આંક–૩૬ થી ભાવીક વિનોદભાઈ મકવાણા ની જુબાની જોવામાં આવે તો તેઓ પાદર ચોક કુદરત પાનના ગલા પાસે બનાવના અરસામાં હાજર હતા તે હકીકતને સમર્થન આપેલ છે. ત્યાં કુદરત પાનના ગલે સફીક અને સાગરને હાથાપાય થયેલ

તે હકીકતને પણ સમર્થન આપેલ છે. આ ઝગડો શી બાબતે થયેલ તે તેઓને ખ્યાલ નથી. આ ઝગડમાં સફીકને હાથમાં તેમજ શરીરમાં બીજે ઈજાઓ થયેલાની હકીકતને સમર્થન આપેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે, તે સમયે સાગરના હાથામાં છરી હતી જે તેઓએ જોયેલ. વધુમાં સાહેદ ઉલટતપાસમાં તેઓ બનાવ નહિ જોવાની હકીકતને આરોપીના પ્રશ્નને નકારી કાઢેલ છે. આમ, ઉપરોકત સાહેદની જુબાની જોઈએ તો આરોપી અને ફરિયાદી વચ્ચે ઝગડો થયેલાની હકીકતને સમર્થન આપેલ છે. ફરિયાદીને ઝગડામાં હાથમાં તેમજ શરીરમાં બીજે ઈજાઓ થયેલાની હકીકતને પણ સમર્થન કરેલ છે.

(૧૮.૭) ત્યારબાદ આંક−૩૭ થી લતીફ હનીફભાઈ કુરેશી નાઓને તપાસવામાં આવેલ છે. તેમની સોગંદ ઉપરની જુબાની જોઈએ તો તેઓ બનાવ બન્યા બાદ બનાવ સ્થળે પહોંચેલ અને ફરિયાદીને મેંદરડા સરકારી દવાખાને લઈ ગયેલાની હકીકત જણાવેલ. આ સાહેદ બનાવ વિશે કંઈ જાણતા નથી અને ફરિયાદપક્ષની હકીકતને કોઈ સમર્થન આપેલ નથી.

(૧૮.૮) ત્યારબાદ આંક−૪૨ થી તપાસેલ સાહેદ વસીમભાઈ સલીમભાઈ ભુલેચા કે જેઓ બનાવ વખતે પાદર ચોકમા હાજર હતા અને બનાવ નજરે જોયેલો તેની જુબાનીમાં તેઓએ સફીકભાઈ અને સગારભાઈને માથાકુટ થયેલાની હકીકતને સમર્થન આપેલ અને સફીકને પડખાના ભાગે, હાથમાં તથા માથાના ભાગે ઈજાઓ થયેલાની હકીકત જણાવેલ તથા વધુ ફરિયાદપક્ષને સમર્થન નહી આપતા વિ.એ.પી.પી. ધ્વારા હોસ્ટાઈલ જાહેર કરેલ અને તેઓએ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ.

(૧૮.૯) આ કામે આંક−૧૯ તથા આંક−૨૧ થી આંક−૨૦ ના પંચનામાના પંચોને તપાસવામાં આવેલા. આંક−૧૯ થી તપાસેલ પંચ સાહેદ સરફરાજ રજાકભાઈ કોરડીયા તેઓ પંચનામાની હકીકતને સમર્થન આપતા ન હોય ફરીયાદપક્ષ ધ્વારા તેઓને ફરી ગયેલા જાહેર કરી અને ઉલટતપાસમા પુછતા તેઓ બનાવ સ્થળે ગયેલ હોય અને બનાવ વાળી જગ્યાએ હાજર હોય અને પોલીસને બતાવેલ તેવી હકીકત જણાવે છે. અને આંક−૨૧ થી રીયાઝ અઝીઝભાઈ સોલંકી નાઓને તપાસવામાં આવેલા તેઓએ પંચનામાની

હકીકતને સમર્થન આપેલુ અને તેઓની હાજરીમાં પંચનામું થયેલાની હકીકતને પણ સમર્થન આપેલ છે. આરોપીપક્ષ ધ્વારા સદર પંચ સાહેદની ઉલટતપાસમાં પણ વિશેષ વિરોધાભાષ લાવી શકેલ નહીં.

(૧૮.૧૦) ત્યારબાદ આંક–૨૨ થી તથા આંક–૫૮ થી અટક પંચનામું આંક–૨૩ વાળા પંચનામાના પંચોને તપસવામાં આવેલા. તેઓ અટક પંચનામાની હકીકતને સમર્થન આપતા ન હોય ફરિયાદપક્ષ ધ્વારા તેઓને હોસ્ટાઈલ જાહેર કરેલ. હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ પણ કોઈ ફળદાયી હકીકત રેકર્ડ ઉપર આપેલ નહીં.

(૧૮.૧૧) ત્યારબાદ છેલ્લે આંક–૫૩ થી તપાસ કરનાર અધીકારી કાનજીભાઈ બધાભાઈ ચુડાસમા નાઓને તપાસવામાં આવેલા. તેઓને કબુલ રાખેલ છે કે, બનાવ આંબેકડકર ના પુતળા પાસે બનેલો તેઓએ ફરિયાદીનું વિશેષ નિવેદન લીધેલ નહીં. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, જાહેરનામું પ્રસીધ્ધ કરનારનું કોઈ નિવેદન લીધેલુ નથી. અને પાદરચોકમાં સી.સી.ટી.વી. કેમેરા લાગેલ હોય તે અંગેની પણ કોઈ તપાસ તેઓએ કરેલ નથી.

(૧૯) આમ, ઉપરોકત થયેલ ચર્ચાઓમાં ફરિયાદીની જુબાનીને મેડીકલ સાહેદની જુબાની તથા અન્ય સાહેદની જુબાનીથી સમર્થન મળેલ તેવું અત્વેની કોર્ટનું માનવુ છે. ફરિયાદીને થયેલ ઈજાઓ પણ રેકર્ડ ઉપર આવેલ છે. અને આંક–૧૭ ના સર્ટીફીકેટમાં થયેલ ઈજાઓને આંક–૧૬ થી તપાસેલ ડોકટર સાહેદની જુબાનીમાં પુરવાર થયેલ છે. અન્ય સાહેદની જુબાની, ડોકટરશ્રીનો અભિપ્રાય તથા ફરિયાદીની જુબાની ઉપરથી આ કામના આરોપીએ છરી વડે ફરિયાદીને ઈજાઓ પહોંચાડેલ હોય તેવું ફરિયાદપક્ષે પુરવાર કરેલ છે તેવું અત્વેની કોર્ટનું માનવુ છે. વધુમાં આ ફરિયાદી મુદામાલ ઓળખી શકેલ નહીં તે અંગે અત્વની કોર્ટનું માનવુ છે કે, તપાસ દરમિયાન ત.ક.અ.ને આરોપીએ તપાસ દરમિયાન મુદામાલ છરી લઈને સોંપેલી. બનાવના સ્થળ ઉપરથી કોઈ મુદામાલ કબજે કરવામાં આવેલ નથી. આ કામે રજુ થયેલ મુદામાલ આરોપી ધ્વારા તપાસ કરનાર અધીકારીને આપવામાં

આવેલ છે. તેવું પણ બની શકે કે, જે હથિયાર વડે કે જે છરી વડે આરોપીને ફરિયાદીને ઈજાઓ પહોંચાડેલ છે તે છરીની જગ્યાએ આરોપીએ ત.ક.અ.શ્રીને અન્ય કોઈ છરી સોંપી આપેલ અને તે છરી ત.ક.અ.શ્રીએ હાલના ગુનામાં કબજે કરી અત્રેની કોર્ટમાં મુદામાલ તરીકે રજુ કરેલ જે મુદામાલને ફરિયાદી ઓળખી બતાવી શકેલ નહીં. ઉપરોકત નામદાર સુપ્રીમ કોર્ટના જુદા–જુદા ચુકાદાઓમાં ઠરાવ્યા મુજબ જયારે કોઈ મુદામાલ હથિયાર ગુનાના કામે કબજે કરવામાં આવેલ નહીં કે મળી આવેલ નહીં. ત્યારે ફરિયાદપક્ષના અન્ય નજરે જોનાર સાક્ષીઓ કે મેડીકલ સાક્ષીઓ પરથી ફરિયાદપક્ષને જો સમર્થન મળતુ હોય તો મુદામાલ રીકવર નહી થાય કે ફરિયાદી મુદામાલને નામદાર કોર્ટમાં ઓળખી આપેલ નહી, તેવા બચાવથી આરોપીને કોઈ લાભ મળે નહીં એવું અત્રેની કોર્ટનું માનવુ છે.

આમ, ઉપરોકત કરેલ ચર્ચા પરથી આ કામના આરોપીએ ફરિયાદીને કુદરત પાનના ગલ્લા પાસે છરી વડે છાતીમા ઈજાઓ પહોંચાડેલ તેવું સ્પષ્ટ પુરવાર થાય છે. જેથી મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**હવે મુદ્દા નં.ર સંદર્ભે**

(૨૦) વધુમાં, અત્રે એ હકીકત નોંધવી જરુરી છે કે આ કામે ફરીયાદ પક્ષ તરફે ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ મુજબનાં ગુનાનું તહોમતનામું પણ આરોપી સામે ફરમાવવામાં આવેલ છે. તે સંદર્ભે રજુ પુરાવો ધ્યાને લઈએ તો ફરીયાદી તથા સાહેદોએ આરોપી ગાળો બોલતો હોવાનું જણાવેલ છે પરંતુ કઈ ગાળો બોલેલી અને તેમની સાથે બોલાચાલી દરમ્યાન કેવા શબ્દોનો ઉલ્લેખ કરવામાં આવેલ તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. નામ.સુપ્રિમ કોર્ટે Fiona Shrikhande Versus State of Maharashtra Criminal Appeal No 1231 of 2013.ના પારા નં.૧૩,૧૪ મા' એવુ ઠરાવેલ છે કે,

> 13. Section 504 IPC comprises of the following ingredients, viz., (a) intentional insult, (b) the insult must be such as to give provocation to the person insulted, and (c) the accused must intend or know that such provocation would cause another to break the public peace or to commit any other offence. The intentional insult must be of such a degree that should provoke a person to break the public peace or to commit any other offence. The person who intentionally insults intending or knowing it to

be likely that it will give provocation to any other person and such provocation will cause to break the public peace or to commit any other offence, in such a situation, the ingredients of Section 504 are satisfied. One of the essential elements constituting the offence is that there should have been an act or conduct amounting to intentional insult and the mere fact that the accused abused the complainant, as such, is not sufficient by itself to warrant a conviction under Section 504 IPC.

14. We may also indicate that it is not the law that the actual words or language should figure in the complaint. One has to read the complaint as a whole and, by doing so, if the Magistrate comes to a conclusion, prima facie, that there has been an intentional insult so as to provoke any person to break the public peace or to commit any other offence, that is sufficient to bring the complaint within the ambit of Section 504 IPC. It is not the law that a complainant should verbatim reproduce each word or words capable of provoking the other person to commit any other offence. The background facts, circumstances, the occasion, the manner in which they are used, the person or persons to whom they are addressed, the time, the conduct of the person who has indulged in such actions are all relevant factors to be borne in mind while examining a complaint lodged for initiating proceedings under Section 504 IPC.

વધુમાં, નામદાર ગુજરાત ઉચ્ચ ન્યાયાલય Pravinbhai Becharbhai Vankar Versus State of Gujarat, 2006 (o) AIJEL-HC 217263 ના પારા નં.૨૧ માં નીચે મુજબનુ ઠરાવેલ.

22. The learned advocate for the appellants invited attention of the Court to a decision of this Court in the matter of Dadia Ottamchand Motichand and another Vs Hemkunver Popatlal and the State reported in 1961 (Vol.II) GLR 196, wherein this Court has held that : “The insult, (which is one of the ingredients of the offence) may be by words or by conduct. Abusive words may amount to an offence under sec.504 Indian Penal Code, if other ingredients are present. If the other ingredients are not

present, mere abuses would not amount to an offence under sec.504, I.P. Code. It is an important ingredient of the offence under sec.504 I.P.C. that in addition to intentional insulting, the person insulting must thereby give provocation to another person insulted to break the public peace or to commit any other offence."

He submitted that firstly, in the present case, the words which are uttered have not come on record, still it is alleged that an offence under Section 504 of the Indian Penal Code is committed. The learned advocate for the appellants submitted that uttering of words to a person which may cause insult and may provoke that person to break the public peace or to commit any other offence is highly subjective and, therefore, unless the actual words uttered are placed on record before the Court, it is not possible for the Court to hold that an offence under Section 504 of the Indian Penal Code is committed. He submitted that it is possible that one may get provoked by a particular word, whereas other may feel the same to be 'innocuous', therefore, until the actual words spoken are placed on record, the Court cannot hold an offence under Section 504 of the Indian Penal Code was committed.

23. The learned advocate for the appellants relied upon a decision of this Court in the matter of Patel Narottam Tulsidas Vs State of Gujarat reported in 1973 GLR 522. He submitted that the Hon'ble Court was pleased to hold that "Mere abuse not sufficient to prove the act within the meaning of Section 504- Intention to provoke any person to break peace essential". He submitted that it will be appropriate to refer to paragraph 2 of the said judgment, the only paragraph reported, it reads as under:

"2. In order to enable the court to decide whether, particular words used by the accused were likely to give provocation to Murlidhar so as to cause him to break the public peace or to commit any other offence as contemplated by sec.504 of the Indian Penal Code, it was necessary for the prosecution to point out the actual words used by the accused. In the present case, however, as stated by the learned Additional Sessions Judge, the prosecution did not disclose

the actual words used by the accused. It appears that there was exchange of abuses between Murlidhar and the accused and there is no material on the record from which the court can decide that, the abuses given by the accused were in fact, filthy or indecent as alleged by the prosecution. It is true that, in order to constitute intentional insult with intent to provoke breach of the peace or with requisite knowledge, as contemplated by sec. 504 of the Indian Penal Code, it is not necessary,that abuse should be filthy or indecent. But, in the present case, as pointed out by the learned Additional Sessions Judge, there is no satisfactory evidence on the record to show that, the accused had abused Murlidhar with the intention of insulting him in order to give him provocation to break the public peace. Mere abuse in the absence of any intention to provoke any person to break the public peace or to commit any other offence or, of knowledge that, a breach of the peace was likely, does not fall within sec.504 of the Indian Penal Code."

ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ નો ગુનો સાબીત કરવા આરોપી ધ્વારા વપરાયેલ અસલ શબ્દો રેકર્ડ પર આવવા જોઈએ. જો તે રેકર્ડ પર આવે નહી તો સદર ગુનો આચરવામાં આવેલ છે તેવુ કહી શકાય નહી. વધુમાં ક.૫૦૪ માં લખ્યા પ્રમાણે અપમાન માત્ર ઈરાદા પુર્વકનુ જ નહી પરંતુ અપમાનીત વ્યકિતને જાહેરશાંતીનો ભંગ કરવા અથવા અન્ય ગુનો કરવા ઉશ્કેરણી કરતુ હોવુ જોઈએ. આવો કોઈ પુરાવો ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ નથી જેથી ઈ.પી.કો. ક.૫૦૪ નો ગુનો પુરાવા કરવા સંબંધેના તત્વો હાલના કેસનો રેકર્ડ પરનો સમગ્ર પુરાવો જોતા જણાતો નથી.

(૨૧) આ કામે આરોપીઓ વિરૂધ્ધ જી.પી.એકટની કલમ–૧૩૫ નો ગુનો કર્યાનો આક્ષેપ છે પરંતુ આ કામે બનાવ સમયે, સ્થળે અને તારીખે જિલ્લા મેજિ.શ્રીનું હથીયારબંધીનું જાહેરનામુ અમલમાં હતું કે કેમ ? તેમજ જાહેરનામાની યોગ્ય રીતે પ્રસિધ્ધી કરવામાં આવેલ કે કેમ ? તે અંગેનો કોઈ જ પુરાવો આ કામે ફરીયાદ પક્ષ તરફે રજુ રાખવામાં આવેલ ન હોવાથી જી.પી. એકટની કલમ–૧૩૫ નો ગુનો પુરવાર થતો નથી.

**<u>–: આ ખ રી હુ ક મ :–</u>**

(૧) આ કામના આરોપી સાગરભાઈ રમેશભાઈ ભોપાળા, રહે. મેંદરડા સાસણ રોડ રોયલ પાર્ક, તા.મેંદરડા, જિ.જૂનાગઢ વાળાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૫૫ મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં

આવે છે.

(૨) જયારે ક્રિ. પ્રો. કો. ક.૨૫૫(૧) અન્વયે આરોપીને ઈ.પી.કો. કલમ–૫૦૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનાં ગુનાનાં પુરાવાના અભાવના કારણે તહોમતમાં થી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૩) આરોપીના જામીનખત અને જાત મુચરકા રદ કરવામાં આવે છે.

(૪) આ કામનો મુદ્દામાલ અપીલ સમય વિત્યાબાદ નિયમોનુસાર નાશ કરવો.

(૫) સજાનો હુકમ કરતા પહેલા આરોપીને સજાના પ્રમાણસર સાંભળવા માટે મુલત્વી.

આ હુકમ આજરોજ તા.૧૬ મી માહે. એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મેંદરડા
તા.૧૬/૦૪/૨૦૨૬.

( કૃષ્ણ સિંહ રાઠૌર )
ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ,
મેંદરડા.
કોડ નં. જી.જે.૦૧૬૩૮

**<u>–: સજા અંગે પક્ષકારોને સાંભળ્યા:–</u>**

(૧) એ.પી.પી.શ્રીને તથા આરોપીના વિ.વકીલશ્રીને સજા ઉપર સાંભળેલા. એ.પી.પી.શ્રીએ કોર્ટ સમક્ષ એવી રજૂઆત કરેલ છે કે, તેઓએ પોતાનો કેસ વ્યાજબી શંકા પરથી પુરવાર કરેલ છે અને આરોપીને સખત સજા મળે તેવી વિનંતી કરેલ. બીજી બાજુ આરોપીના વિ.વકીલશ્રીએ એવી રજૂઆત કરેલ છે કે, આરોપી જુવાન છે અને તેઓ તેમના ઘર પરિવાની સાર–સંભાળ કરે છે અને જો આરોપીને જેલમાં મોકલવામાં આવશે તો તેમના ઘર પરિવારના સભ્યો રસ્તા પર આવી જશે અને પરિવારના સભ્યોને રોટલા ખાવાના ફાફા પડી જશે. આરોપીના વિ.વકીલશ્રીએ અત્રેની અદાલત સમક્ષ પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સની જોગવાઈ હેઠળ આરોપીને લાભ આપવા વિનંતી કરેલ છે.

(૨) પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સની કલમ–૪ ની પેટા કલમ–૧ જોઈએ તો,

> 4. Power of court to release certain offenders on probation of good conduct.—(1) When any person is found guilty of having committed an offence not punishable with death or imprisonment for life and the court by which the person is found guilty is of opinion that, having regard to the circumstances of the case including the nature of the offence and the character of the offender, it is expedient to release him on probation of good conduct, then, notwithstanding anything contained in any other law for the time being in force, the court may, instead of sentencing him at once to any punishment direct that he be released on his entering into a bond, with or without sureties, to appear and receive sentence when called upon during such period, not exceeding three years, as the court may direct, and in the meantime to keep the peace and be of good behaviour: Provided that the court shall not direct such release of an offender unless it is satisfied that the offender or his surety, if any, has a fixed place of abode or regular occupation in the place over which the court exercises jurisdiction or in which the offender is likely to live during the period for which he enters into the bond.

(૩) ઈ.પી.કો. કલમ–૩૨૩ ના ગુનામા મહત્તમ સજાની જોગવાઈ એક વર્ષ યા એક હજાર રૂપિયા અથવા બન્ને છે.

(૪) કેસના વિશેષ સંજોગોને જોતાં આ અદાલત દોષિત ઠરાવેલ આરોપીને પ્રોબેશન (પરિવિક્શક) આપવા તરફ જુકાવ ધરાવે છે. ટ્રાયલ દરમિયાન આરોપી તેમની હાજરી બાબતે નિષ્ઠાવાન રહેલ છે. આ અદાલતનો એવો મત છે કે, કાયદાનો હેતુ સુધાર લાવવા માટે છે અને આરોપીને પોતાની જાતને સુધારવાની તક આપવી જોઈએ. જે વિશિષ્ઠ સંજોગોમાં ગુનો બન્યો છે તે એટલો ગંભીર નથી કે આરોપીને પ્રોબેશનના લાભથી વંચીત રાખવામાં આવે.

(૫) આ સંજોગોમાં આરોપીને પ્રોબેશનનો લાભ આપવા માટે પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ ૧૯૫૮ ની કલમ–૪(૨) ના અનુસંધાનમાં પ્રોબેશન ઓફીસરના અહેવાલની જરૂર પડશે. આથી આગામી મુદતમાં પોતાનો અહેવાલ રજુ કરવા માટે પ્રોબેશન ઓફીસરને યાદી કરવામાં આવે અને જયાં સુધી પ્રોબેશન ઓફીસરનો અહેવાલ ન મળે ત્યાં સુધી આગામી મુદત સુધી આરોપીની હાજરી સુનિશ્ચિત કરવા માટે તેને રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના જામીન અને તેટલીજ રકમના બોન્ડ રજુ કરવાની શરતે જામીન મુકત કરવાનો આદેશ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૬ મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

મેંદરડા
તા.૧૬/૦૪/૨૦૨૬.

( કૃષ્ણ સિંહ રાઠૌર )
ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ,
મેંદરડા.
કોડ નં. જી.જે.૦૧૬૩૮

**<u>–: આંક– ૭૦ તળે હુકમ :–</u>**

(૧) આ કામના આરોપીને ઈ.પી.કો.કલમ–૩૨૩ ના ગુના હેઠળ તકસીરવાન ઠરાવવામાં આવેલ હતો. સજાના પ્રમાણ અંગે આરોપીને સાંભળતી વખતે આરોપી વતી આરોપીના વિ.વ.શ્રીએ તકસીરવાન આરોપી માટે પ્રોબેશનના લાભની માંગણી કરેલ. જયારે વિ.એ.પી.પી.શ્રીએ આરોપી માટે મહત્તમ સજાની માંગણી કરેલ.

(૨) અદાલતે બન્ને પક્ષકારોની દલીલો ઘ્યાને લીધા બાદ પ્રોબેશન ઓફેન્ડર્સની કલમ–૪ મુજબ પ્રોબેશન ઓફીસરનો ગુપ્ત અહેવાલ મંગાવેલ હતો. જે અહેવાલ પ્રોબેશન ઓફીસરશ્રીએ તા.૩૦/૦૪/૨૦૨૬ ના રોજ અદાલત સમક્ષ રજુ રાખેલ છે અને પ્રોબેશન ઓફીસરશ્રીએ આરોપીને પ્રોબેશનનો લાભ આપવા અંગેનો અભિપ્રાય આપેલો. આરોપીના વિ.વ.શ્રીએ પ્રોબેશન ઓફીસરના અભિપ્રાય મુજબ પ્રોબેશનનો લાભ માંગેલો અને વધુ રજૂઆત કરી કે, આ કામના આરોપી અગાઉ કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતો નથી અને કૌટુંબિક વ્યકિત છે. આરોપીને જેલમાં મોકલવામાં આવે તો તેના પરિવાર ઉપર કાયમી પ્રતિકુળ અસર પડી શકે. આરોપીના પરિવાર ઉપર વ્યાપક સામાજીક અસર થઈ શકે છે. બીજી બાજુ વિ.એ.પી.પી.શ્રીએ એવી રજૂઆત કરેલ છે કે, પ્રોસીકયુશને તેમનો કેસ સ્પષ્ટપણે સાબીત કરેલ છે અને તેથી સમાજમાં દાખલો બેસાડવા આરોપીને જેલની સજા થવી જોઈએ.

(૩) આ અદાલતે બન્ને પક્ષકારો ઘ્વારા કરવામાં આવેલ રજૂઆતો, કેસનું રેકર્ડ, પ્રોબેશન ઓફીસરશ્રી ઘ્વારા તૈયાર કરવામાં આવેલ ગુપ્ત અહેવાલ અને આરોપીનું વર્તન ઘ્યાનમાં લીઘુ. કાયદાની કલમ–૪ ઘ્યાનમાં લેતાં આ કાયદાનો લાભ આરોપીને આપી શકાય તેમ છે. આરોપી ઘ્વારા કરવામાં આવેલો ગુનો મૃત્યુદંડ

કે આજીવન સજાની જોગવાઈ વાળો નથી. કાયદામાં એવુ પ્રસ્થાપીત કરેલ છે કે, જો કોઈ ગુનો મોટા પાયે સમાજને નુકશાન પહોંચાડવાના ઈરાદાથી કરેલ ન હોય અને વિશિષ્ઠ તથ્યો અને સંજોગોમાં કરવામાં આવેલ હોય તો સજા નકકી કરતી વખતે પ્રવર્તમાન સંજોગોને ધ્યાનમાં લેવા જોઈએ. જો તે હળવા પ્રકારના ગુના હોય ત્યારે આરોપીને જેલના સળીયા પાછળ મોકલવાને બદલે તેને પ્રોબેશનનો લાભ આપી શકાય છે.

(૪) આરોપી ટ્રાયલ દરમિયાન નિયમીત હાજર રહેલ. આરોપી ઉપર અગાઉ બે ગુનાઓ નોંધાયેલા હતા. જેમાં આરોપી ના–સાબીતીને કારણે છુટી ગયેલ અને તેથી અહેવાલ પરથી એ સ્પષ્ટ થાય છે કે, આરોપી અન્ય કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતો ન હોય તેઓને પ્રથમ વખતનો ગુનેગાર કહી શકાય. નામદાર સુપ્રીમ કોર્ટ RE- In Human Conditions in 1382 prisons, writ petition Civil No.406 of 2023 નો સીમાંચીનરૂપ કેસમાં પેરા–૫૬(૨) માં જણાવેલ છે કે, અન્ડર ટ્રાયલ રીવ્યુ કમીટી પ્રોબેશન ઓફેન્ડર્સ એકટ ૧૯૫૮ માં અમલીકરણના મુદ્દા નં.૬૪ ખાસ કરીને પ્રથમ વખતના ગુનાના સંદર્ભમાં છે જેથી આરોપીને સમાજમાં પુન:સ્થાપીત થવામાં અને સુધરવાની તક મળે.

(૫) ઉપરોકત ચર્ચા ધ્યાને લેતાં અને પ્રથમ વખતના ગુનેગારને નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વાર વ્યકત કરવામાં આવેલ લાગણીના અનુસંધાનમાં આ કોર્ટ મકકમ છે કે ગુનાની ગભીરતા, જે સંજોગોમાં ગુનો બન્યો છે તે જોતાં તથા આરોપીની જવાબદારી ધ્યાને રાખીને આરોપીને સધ્ધર જામીન રજુ કરવાની શરતે એક વર્ષના સમયગાળા માટે પ્રોબેશન ઉપર મુકત કરવા જોઈએ. આથી નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

**–: આદેશ :–**

(અ) આરોપીને કાયદાની કલમ–૪ અનુરુપ, સારુ વર્તન જાળવવા અને કોઈપણ ગુનામા સામેલ ન થવા માટે સધ્ધર જામીન રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના પર્સનલ બોન્ડ રજુ કરવાની શરતે બે વર્ષના સમયગાળા માટે પ્રોબેશન ઉપર મુકત કરવાનો આદેશ કરવામાં આવે છે.

(બ) જો આરોપી ઉકત બે વર્ષ દરમિયાન કોઈ ગુનો કરે તો તે સજા ભોગવવા માટે પોતાની મેળે આ અદાલત સમક્ષ હાજર રહેવાનું રહેશે.

(ક) આ આદેશની નકલ પ્રોબેશન ઓફીસરશ્રીને નિર્દેશ સાથે મોકલવામાં આવે છે કે, તેઓએ દર છ મહીને તેઓનો અહેવાલ રજુ કરે કે, પ્રોબેશન બોન્ડનો કોઈ ભંગ કર્યો છે કે નહીં.

(ડ) આરોપીએ સોગંદનામા ઉપર પોતાનું સરનામુ અને મોબાઈલ નંબર જાહેર કરવાના રહેશે. ઓળખકાર્ડ તથા સરનામાની નકલ પણ રજુ કરવાની રહેશે.

હુકમ આજ તા.૦૧ લી, માહે–મે, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

મેંદરડા
તા.૦૧/૦૫/૨૦૨૬.

( કૃષ્ણ સિંહ રાઠૌર )
ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ,
મેંદરડા.
કોડ નં. જી.જે.૦૧૬૩૮